ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૦/3567-3645
રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેક્ટર -૨૧, ગાંધીનગર
તા.૨૯/૧૦/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષય: NSP (National Scholarship Portal) પર કામગીરી બાબત.
સંદર્ભ:- ૧.અત્રેની કચેરીના તા.૧૯/૦૮/૨૦૨૦ ના પત્ર ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૦/૧૯૨૨-૨૦૩૬
૨.અત્રેની કચેરીના તા.૧૫/૦૯/૨૦૨૦ ના પત્ર ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૦/૨૪૧૧-૭૭

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) દ્વારા શિષ્યવૃત્તિની રકમની ચૂકવણી લાભાર્થી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં સરળતાથી અને ઝડપી કરી શકાય તે હેતુથી ભારત સરકાર દ્વારા "નેશનલ સ્કોલરશીપ પોર્ટલ વેબપોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે. રાજ્યના NMMS યોજનાના વર્ષ-2020-21 ના લાભાર્થી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની તેમજ રીન્યુઅલ (2016 થી 2018 સુધી-ધોરણ ૧૦ થી ૧૨) ની દરખાસ્ત નિયત સમયમર્યાદામાં "નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર કરવાની થાય છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ચાલુ વર્ષે પણ જિલ્લા કક્ષાએ આ કામગીરી માટે નોડલ ઓફીસર (પ્રાથમિક અને માધ્યમિક કચેરીના) અને તાલુકા કક્ષાએ આ કામગીરીના સંકલનની જવાબદારી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ/શાસનાધિકારીશ્રીઓ સોંપવામાં આવી છે. આ ઉપરાંત સી.આર.સી. કો-ઓર્ડીનેટર દ્વારા તેઓના ક્લસ્ટરની શાળાઓના વિદ્યાર્થીઓનો સંપર્ક કરી તે વિદ્યાર્થીઓની એપ્લીકેશન NSP (National Scholarship Portal) વેબસાઇટ http://www.scholarships.gov.in પર ઓનલાઇન એપ્લીકેશન કરવાની અને ઓનલાઇન એપ્લીકેશનની પ્રકીયા બાદ વિદ્યાર્થીની શાળાનો સંપર્ક કરી એપ્લીકેશન વેરીફીકેશન પ્રકીયા કરવાની કામગીરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને સંયુક્ત રીતે સોંપવામાં આવેલ હતી.

ઉક્ત સંદર્ભ દર્શિત પત્ર નં ૧ અને ૨ માં સુચવેલ કામગીરીમાં MHRD દિલ્હી દ્વારા NSP પોર્ટલ પર ફ્રેશ તેમજ રીન્યુઅલના રજીસ્ટ્રેશનની કરવાની છેલ્લી તારીખ:-૩૧/૧૦/૨૦૨૦ સુધી છે આપના જિલ્લાની ફ્રેશ તેમજ રીન્યુઅલ એપ્લિકેશનની માહિતી જિલ્લા login માંથી જોઈ જેતે શાળા ને જાણ કરી શાળા કક્ષાએથી બાકી હોય તેવી ફ્રેશ તેમજ રીન્યુઅલ એપ્લિકેશનના રજીસ્ટ્રેશનની કામગીરી સત્વરે પુણ કરાવવી. જિલ્લા કક્ષાએથી વેરીફાઈ કરવાની છેલ્લી તા.૧૫/૧૧/૨૦૨૦ હોઇ આપના જિલ્લાની એપ્લિકેશન વેરીફાઇ ની કામગીરી સમય મર્યાદામાં પુર્ણ કરાવવા વિનંતી છે.

જો કોઇ શાળાની કે તંત્રની ઉદાસીનતાને કારણે આ યોજનાનો લાભાર્થી વિધાર્થી શિષ્યવૃત્તિ મેળવવાથી વંચિત રહેશે તો તે અંગેની જવાબદારી સંબંધિતની નિશ્ચિત કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ

ક્રમાંક:માવિ.૬/પરીપત્ર/૨૦૨૦/૨૧૭૧
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા. ૦૨/૧૧/૨૦૨૦

નકલ રવાના જાણ તથા અમલ સારૂં.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ, મા. અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned by CamScanner